M05/1/A1GUJ/SP1/GUJ/TZ0/XX

22050123

**GUJARATI A1 – STANDARD LEVEL – PAPER 1**
**GOUDJARATI A1 – NIVEAU MOYEN – ÉPREUVE 1**
**GUJARATI A1 – NIVEL MEDIO – PRUEBA 1**

Tuesday 3 May 2005 (morning)
Mardi 3 mai 2005 (matin)
Martes 3 de mayo de 2005 (mañana)

1 hour 30 minutes / 1 heure 30 minutes / 1 hora 30 minutos

---

INSTRUCTIONS TO CANDIDATES

- Do not open this examination paper until instructed to do so.
- Write a commentary on one passage only. It is not compulsory for you to respond directly to the guiding questions provided. However, you may use them if you wish.

INSTRUCTIONS DESTINÉES AUX CANDIDATS

- N'ouvrez pas cette épreuve avant d'y être autorisé(e).
- Rédigez un commentaire sur un seul des passages. Le commentaire ne doit pas nécessairement répondre aux questions d'orientation fournies. Vous pouvez toutefois les utiliser si vous le désirez.

INSTRUCCIONES PARA LOS ALUMNOS

- No abra esta prueba hasta que se lo autoricen.
- Escriba un comentario sobre un solo fragmento. No es obligatorio responder directamente a las preguntas que se ofrecen a modo de guía. Sin embargo, puede usarlas si lo desea.

*નીચેનામાંથી ગમે તે* ***એક*** *ઉપર વિવેચન કરો;*

**1.** (a)

## ગાંધીની પ્રસ્તુતતા

*મારી આંખ મીંચાઈ જાય અને આ માટીનું માળખું ભસ્મસાત્ થઈ જાય, પછી મારા કાર્યનું મૂલ્યાંકન કરવાનો ઘણો વખત રહેશે.*

( ગાંધીજીનો અક્ષરદેહ )--

આપણે જેમ જેમ ગાંધીની જીવનલીલાથી દૂર જતા જઈએ છીએ, તેમ તેમ આપણાં મનમાં સહજ એ પ્રશ્ન ઊઠે છે કે એમના મૃત્યુ પછી આજે, પંચાવન વર્ષે, ગાંધી આપણે સારુ પ્રસ્તુત ખરા ?

વર્તમાન સ્થિતિ ઘણી બાબતોમાં ગાંધીજી જેવું જીવન જીવતા હતા, અથવા તેઓ જેવા વિચારો રજૂ કરતા હતા તેનાથી કેટલી બધી ભિન્ન છે ? ક્યાં ગાંધીયુગના સેવકો અને ક્યાં આજના સરકારી–બિનસરકારી સેવકો ! ક્યાં ગાંધીની કલ્પનાનાં ગામડાં અને કયાં આજનાં ગામડાં ? ક્યાં ગાંધીની કલ્પનાની અર્થવ્યવસ્થા ને કયાં આજનું અર્થતંત્ર ! ક્યાં ગાંધીએ કલ્પેલું હિંદ સ્વરાજ અને ક્યાં આજના હિંદનું સ્વરાજ ! ક્યાં રચનાત્મક કાર્ય ને કયાં આજનાં નીમ સરકારી વિકાસ કાર્યો ! ક્યાં એકાદશ વ્રત ને ક્યાં આજનો વ્રતહીન સમાજ ! ક્યાં વિશ્વકુટુંબ ભાવના અને ક્યાં આજના વિશ્વીકરણ ને ઉદારીકરણ !

પરંતુ આજની પરિસ્થિતિ ગાંધીજીએ કલ્પેલી સ્થિતિ કરતાં ભિન્ન છે તેથી જ કાંઈ તેમની વિચારસરણી અપ્રસ્તુત બની જતી નથી. જો અમુક વિચાર, આદર્શો કે મૂલ્યો વર્તમાન પરિસ્થિતિમાં આવશ્યક લાગતાં હોય, તો સમજવું કે તે પ્રાસંગિક કે પ્રસ્તુત છે. પરંતુ કોઈ પરિસ્થિતિની આવશ્યકતા જ એને પ્રાસંગિક બનાવતી નથી.

આવશ્યક પરિસ્થિતિ જ્યારે શક્ય બને એવી લાગે ત્યારે તે પ્રસ્તુત બને છે. ગાંધીવિચારની પ્રસ્તુતતાને સમજવા ખાતર સૌથી પ્રથમ તો એ સમજી લેવું પડશે કે ઈતિહાસમાં થઈ ગયેલા કોઈ પણ વિચાર કે આદર્શ આખાને આખા એના એ સ્વરૂપમાં ફરી આવતા નથી અને આવવા જોઈએ પણ નહીં. દરેક એવા ચિંતક કે જેનું ચિંતન એના પછીની પેઢીઓને કામ લાગવાનું હોય છે, તેના ચિંતનમાં પ્રસ્તુતિ શોધવા જનારે કેટલોક વિવેક કરવો ઘટે છે. મહાન ચિંતકોના વિચારો એઓ જે દેશમાં અને જે કાળમાં જનમ્યા હોય તેમાંથી નીપજ્યા હોય છે. એમાંથી કેટલાક દેશ અને કાળની સીમાને ઓળંગી જતા હોય છે અને કેટલાક તે તે દેશ અને કાળ પૂરતા સીમિત રહેતા હોય છે. જે વિચારો સર્વદેશીય હોય અને સર્વકાળને લાગુ પડી શકે એવા હોય તે એનાં મૂળતત્ત્વો હોય છે. એમના અન્ય વિચારો મોટે ભાગે પરિસ્થિતિજન્ય કોયડાઓના ઉકેલનું તંત્ર સૂચવતા હોય છે. કોઈ પણ ચિંતકના ચિંતનની પ્રસ્તુતતા જોનારે એના તત્ત્વ અને તંત્ર વિશે વિવેક કેળવવો ઘટે. જ્યારે દેશ–કાળાબાધિત તત્ત્વો ઉપર આધારિત નવીન પરિસ્થિતિ મુજબ જરૂરી એવા ફેરફારો સાથેના તંત્ર સાથે સમન્વય થાય છે ત્યારે તે વિચારો તે દેશ અને તે કાળને સારુ પ્રસ્તુત બને છે. ગાંધીવિચારોમાંથી કયા તત્ત્વો આજે આપણાં સારુ આવશ્યક છેતેનો વિચાર કરીને તેના તંત્રને વર્તમાન દેશકાળને અનુરૂપ બનાવવા કેવાં પરિવર્તનો કરવાં પડશે અને તે કેટલે અંશે શક્ય છે તેનો વિચાર કરવાથી આપણને ગાંધીવિચારો કેટલે અંશે પ્રસ્તુત છે તે સ્પષ્ટ સમજાશે.

*નારાયણ દેસાઈ, મારું જીવન એ જ મારી વાણી, ૨૦૦૩*

— લેખક ગાંધીવિચારો માટે શું કહેવા માગે છે ?

— પોતાના વિચારોનું લેખક કેવી રીતે સમર્થન કરે છે ?

— આરંભના ગાંધીજીના અવતરણને સમજાવવામાં લેખક કઈ સાહિત્યિક શૈલીનો ઉપયોગ કરે છે ?

— લેખકે રજૂ કરેલા વિચારો વિશે તમારો શું મત છે ?

**1.** (b)

## લોકલમાં

એની દીઠી ન નજરે મુખમાધુરી મેં
દેખાત તો ઘણીય ડોક ફેરવતામાં;
જોયું ન કિંતુ ફરીને જરી, ના જ જોયું.
ને તોય તે ક્ષણક્ષણે મુજ અંતરે તો
એ સૌમ્યરેખ રસમૂર્તિ તરે અનસ્ત.

એનાં હશે પ્રણયકામણપૂર્ણ નેણ,
ધીરે ઢળી ઉછળતું ય હશે જ હૈયું
દીઠેલ આ નયનથી ન સ્વયં અરે મે,
તો યે કહું અમૃતકોશ હશે ન જ હૈયું
વેગીલી લોકલ તણા ધબકાર તાલે
ધીર ધીરે ઉછળી મસ્ત ઢળી રહેતું.

હું તો શું જાણું, પણ સામી જ બેઠકે કો
બેઠેલ વૃદ્ધ, નરી ફેરવી ક્ષીણ નેત્ર
જે આમતેમ, કદી ઝોકું ય ખાઈ લેતો.
એ ક્ષીણ લોચન મહીં કહીંથીય ત્યાં તો
મેં જોઈ,જોઈ સહસા ભભૂકંતી આગ.

આંખો કરી જરઠ કોટિક રોમ કેરી
ટાળી મને મુજ પૂંઠે કૈં તાકી જોતો,
ને કૈં ચિરંતૃષિત ચક્ષુથી પી રહંતો.

મેં પૂંઠ ફેરવી ન જોયું સ્વયં જરીકે
કે કૈં હતી જરૂર ના. મુજ આંખ સામે
એ વૃદ્ધનાં પરમ તૃપ્ત પ્રસન્ન નેત્રે
મેં એક જોઈ છબી ડોલતી લોલ મસ્ત

લાવણ્યમૂર્તિ મુજ નેત્રથી જોઈ જાતે
મેં હોત, તેથી અદકા રસરૂપ રંગે
એ કાલજર્જરિત નેત્ર મહીં નિહાળી
ને એક વાર નીરખેલ તહીં હજી એ
જોયા કરું ઉર ભરીભરી નેણ એના,
વિશ્વો ઉછાળી ઢળતું વળી મત્ત હેયં
ને બે વસંત લચતી કરવેલ રમ્ય.

ઉમાશંકર જોશી, નિશીથ,૧૯૩૯

— કવિએ સુંદરીને નિહાળી નથી છતાં હૂબહૂ તેનું ચિત્રણ કરે છે. આ હેતુ સિદ્ધ કરવા કવિ કઈ કઈ કાવ્યપ્રયુક્તિઓ યોજે છે ?

— વૃદ્ધ માનવીની આંખોનો કવિ કેવી કલાત્મક રીતે ઉપયોગ કરે છે ?

— આ કવિતાનો છંદ, તેની શબ્દપસંદગી, પ્રાસનું આયોજન આદિ ઘટકતત્વોને ખ્યાલમાં રાખીને કાવ્યનું મૂલ્યાંકન કરો.

— સમગ્ર કવિતા વાંચ્યા પછી તમારા ચિત્ત પર શી અસર થઈ તે નિરૂપો.